તાપમાન
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૭૮ ૧૯ ડિસેમ્બર, ૨૦૧૫, શનિવાર ; માગશર સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- રશિયન મિસાઇલ સિસ્ટમ ખરીદવાનો અંતે મહત્વનો નિર્ણય
- શાહરૂખની દિલવાલેનો કેટલાક શહેરોમાં વિરોધ
- ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધની શ્રેણી માટે આજે ભારતીય ટીમની પસંદગી
- ન્યાયિક વ્યવસ્થામાં વિશ્વાસ છે : કોંગ્રેસ પાર્ટીની પ્રતિક્રિયા
- કોંગ્રેસના અંગત હિતના લીધે વિકાસને અસર થઇ : નકવી
- કોલ મની રેકેટને લઇને આંધ્ર વિધાનસભામાં ધાંધલધમાલ
- જીડીપી વિકાસદર ૭ થી ૭.૫ ટકા રહેવાની સંભાવના
- અકાળીના નેતાની બસની અડફેટે બાળકીનું મોત

# આજે સોનિયા-રાહુલ કોર્ટમાં હાજર થશે

## નેશનલ હેરાલ્ડ કેસના તમામ આરોપીઓ આજે પટિયાલા હાઉસ કોર્ટમાં ઉપસ્થિત થશે : છેતરપિંડી, ફોજદારી કાવતરા સહિતના મામલામાં ટ્રાયલ કોર્ટ દ્વારા સમન્સ જારી કરાયા બાદ આજે ઉપસ્થિત



નવી દિલ્હી,તા. ૧૮ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિત તમામ આરોપી આવતીકાલે દેશમાં ભારે ચર્ચા જગાવનાર નેશનલ હેરાલ્ડ કેસના સંબંધમાં દિલ્હીમાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઉપસ્થિત રહેશે. તેમની સામે સમન્સ જારી કરવામાં આવ્યા બાદ તમામ આરોપી ઉપસ્થિત રહેનાર છે. સોનિયા ગાંધી અને તેમના પુત્ર રાહુલ ગાંધી જામીન મેળવવા અરજી કરશે કે પછી જેલમાં જવાનું પસંદ કરશે તેને લઈને ચર્ચાઓ ચાલી રહી છે. આ મોટો પ્રશ્ન તમામને સતાવી રહ્યો છે. કોંગ્રેસ હેડક્વાર્ટર ખાતે વ્યૂહરચનાને લઈને બેઠકોનો દોર ચાલી રહ્યો છે. અગાઉ એવા સંકેત મળી ચુક્યા છે કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જામીન માટે અરજી કરશે નહીં અને નિર્દોશતા સાબિત કરવા જેલમાં જશે. જો કે, શક્તિ પ્રદર્શન કરવાની હિલચાલ ચાલી રહી છે. ફોજદારી કાવતરા, છેતરપિંડી અને વિશ્વાસ ભંગ અને સંબંધિત જુદી જુદી કલમો હેઠળ નાણાંની ઉચાપત સાથે સંબંધિત કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા તેમની સામે સમન્સ જારી કરવામાં આવ્યા છે. કાર્યવાહીની શરૂઆતમાં

● અનુસંધાન પાન-૭ પર

# સેંસેક્સમાં પુનઃ ૨૮૫ પોઈન્ટનો ઘટાડો

## ચાર દિવસ સુધી જોરદાર લેવાલી રહ્યા બાદ ફરી વેચવાલીનો માહોલ : મધ્ય સત્ર આર્થિક સમીક્ષાના પરિણામની પણ બજાર પર માઠી અસર જોવા મળી

મુંબઈ,તા. ૧૮ સતત ચાર કારોબારી સેશનમાં તેજી નોંધાયા બાદ આજે શેરબજારમાં ફરી એકવાર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૨૮૫ પોઈન્ટ ઘટીને ૨૫૫૧૯ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૮૨ પોઈન્ટ ઘટીને ૭૭૬૨ની સપાટીએ રહ્યો હતો. ચાર દિવસ સુધી લેવાલી જામ્યા બાદ અંતે બજારમાં ફરીવાર વેચવાલીનું મોજુ રહ્યું હતું. સરકાર દ્વારા તેની મધ્યસત્ર આર્થિક સમીક્ષા જારી કરી દેવામાં આવી છે જેમાં કન્ઝ્યુમર પ્રાઈઝ ફુગાવાનો આંકડો ઘટાડી દેવામાં આવ્યો છે. સરકાર દ્વારા વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. આજે કારોબાર દરમિયાન આઈટી કંપનીઓના શેરમાં નબળાઈ જોવા મળી હતી. લોકપ્રિય એચ-૧બી, એલ-૧બી વિઝા પર ખાસ ફી અમેરિકી કોંગ્રેસ દ્વારા ડબલ કરી દેવામાં આવી છે. હેલ્થકેરના સેક્ટરમાં સુધારો જોવા મળી રહ્યો છે. બેંકિંગ શેરોમાં ચકમ જોવા મળી રહી નથી. ખાનગી સેક્ટરમાં બેંકોમાં ઘટાડો જોવા મળ્યો હતો. એચડીએફસી બેંક, કોટક મહિન્દ્રા, સીટી યુનિયન બેંક, ફેડરલ બેંકના શેરમાં ૦.૪-૧.૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. તેલ સંશોધન સાથે સંબંધિત શેરમાં પણ મંદી જોવા મળી હતી. એશિયન બજારોમાં ઘટાડો રહ્યો હતો. મૂડીરોકાણકારોએ ચાવીરુપ આર્થિક ડેટા, કેન્દ્રીય બેંકના નિર્ણય અને કોમોડિટીની કિંમત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી દીધું છે. યુરોપિયન બજારમાં પણ આજે તેજી સાથે કારોબાર રહ્યો હતો. જાપાનની કંપની દ્વારા લાંબાગાળે ગુજરાતમાં મોટાપાયે રોકાણની જાહેરાત કરવામાં આવી છે. શેરબજારમાં ગઈકાલે સતત ચોથા દિવસે તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૩૦૯ પોઈન્ટ ઉછળીને ૨૫૮૦૪ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૩ પોઈન્ટ ઉછળીને ૭૮૪૪ની સપાટીએ રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# બાજીરાવ મસ્તાની : પુણેમાં હોબાળો, શો રદ કરવા ફરજ

## રજૂઆતના પ્રથમ દિવસે જ અડચણો શરૂ થઈ : સ્થાનિક લોકો દ્વારા જોરદાર વિરોધ : ઈતિહાસને ધ્યાનમાં લીધા વિના ફિલ્મ તૈયાર થઈ હોવાનો જાણકારોનો આક્ષેપ



નવી દિલ્હી,તા. ૧૮ સંજય લીલા ભણસાલીની નવી ફિલ્મ બાજીરાવ મસ્તાનીની રજૂઆતના પ્રથમ દિવસે જ આજે સવારે ભારે હોબાળો થઈ ગયો હતો. ફિલ્મની રજૂઆતને લઈને વિરોધ કરવામાં આવ્યા બાદ પુણેમાં કેટલાક શો રદ કરી દેવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં પણ આ સિલસિલો જારી રહે તેવા સંકેત મળી રહ્યા છે. શો સવારે શરૂ થાય તે પહેલા જ ભાજપના સ્થાનિક કાર્યકરો અને અન્ય લોકોએ જોરદાર વિરોધ કર્યા બાદ પુણેના સિટી પ્રાઈડ થિયેટરમાં શો રદ કરાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# કચ્છના ધોરડો ખાતે ડીજીપી કોન્ફરન્સનો પ્રારંભ

અમદાવાદ, તા. ૧૮ કચ્છના ધોરડો ખાતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે રાષ્ટ્રીય ડીજીપી અને આઈજીપીની બેઠક શરૂ થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી પહોંચ્યા બાદ તેમનું વિમાની મથકે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ડીજીપી કોન્ફરન્સમાં ભાગ લેવા માટે મોદી બપોરે ભુજ એરપોર્ટ ખાતે પહોંચી ગયા બાદ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તેમનું સ્વાગત કર્યું હતું. આનંદીબેન અને અન્યો મોદીના સ્વાગત માટે પહેલાથી જ ઉપસ્થિત રહ્યા હતા પરંતુ મોદી નિર્ધારિત સમય કરતા મોડા પહોંચ્યા હતા. ભુજ વિમાની મથકે થોડાક સમય સુધી રોકાયા બાદ તેઓ મોદીના હસ્તે આ કોન્ફરન્સની શરૂઆત થઈ હતી. મોદી સાંજે જુદા જુદા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા કોન્ફરન્સમાં સમગ્ર દિવસ દરમિયાન હાજરી આપશે. ૨૦મીએ તેઓ દિલ્હી જવા રવાના થશે. ટોપ પોલીસ પોતાની જાળને વધુ ફેલાવનાર આઈએસના પ્રયાસોને રોકવાનો મુદ્દો પણ છવાઈ જાય તેવી શક્યતા છે. સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ બ્યુરો દ્વારા આનું આયોજન કરાયું છે. જેમાં જુદા જુદા રાજ્યોમાં પોલીસ વડાઓ,



ભુજ એરપોર્ટ ખાતે પહોંચ્યા બાદ મોદીનું આનંદીબેન દ્વારા સ્વાગત : મોદી ભુજ એરપોર્ટ ઉપર થોડાક સમય રોકાયા બાદ ધોરડો પહોંચ્યા : સાંજે કોન્ફરન્સનો પ્રારંભ : આતંકવાદ સહિતના મુદ્દા પર ત્રણ દિવસ ચર્ચા કરાશે

હેલિકોપ્ટર મારફતે ધોરડો જવા રવાના થઈ ગયા હતા. સાંજે ડીજીપી કોન્ફરન્સની શરૂઆત થઈ હતી. જેમાં તેઓ સનસેટ પોઈન્ટ પહોંચ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો પણ જોડાયા હતા. આવતીકાલે ડીજીપી અધિકારીઓની ઓલ ઈન્ડિયા કોન્ફરન્સમાં વિવિધ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી રહી છે. ભારતમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક આયોજિત આ બેઠકમાં અન્ય મુદ્દાઓ પણ ચમકે તેવી શક્યતા સુરક્ષા સંસ્થાના વડાઓ ઉપસ્થિત રહેશે. તમામ ડીજીપી અને આઈજી

● અનુસંધાન પાન-૭ પર

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

**ખાદી ગ્રામોદ્યોગ ભવન**

બ્લોક 'બી', સેક્ટર-૧૬, ગાંધીનગર

પ્રાથમિક શાળાઓના વર્ગ સજ્જતા અંતર્ગત એસ.એમ.સી. કક્ષાએથી દળદાર શેત્રંજી આ કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

આ કેન્દ્ર સરકારશ્રી દ્વારા ઉદ્યોગ-ખાણ તેમજ ખાદી ગ્રામોદ્યોગ કમિશન મુંબઈ અને ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થા છે.

આ કેન્દ્રમાં શેત્રંજી દરેક સાઈઝમાં તેમજ સરકારશ્રી દ્વારા દર્શાવેલ વજન મુજબ ઉપલબ્ધ છે.

ગામડામાં રહેતા કની વણકરોને રોજી-રોટી મળે તેવી આ સરકારી યોજનાને ખાદી ભવનમાંથી ખરીદી કરી સહકાર આપવા વિનંતી.







